श्रीहरिः

शुद्धाद्वैतसिद्धान्तसार.

लेखक

भट्ट श्रीरमानाथ शर्मा

सं. १९७१—वल्लभाब्द ४३६.

मू. =) आना.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૫૫૮૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૫૮૦ वर्गांक

पुस्तकनुं नाम શુદ્ધાદ્વૈત સિદ્ધાંતસાર

विषय

૫૫૮૦

॥ श्रीहरिः ॥

शुद्धाद्वैतसिद्धान्तसार.

मङ्गलम् ।

आकाशे मुदिरावलीव दिवसे संध्यात्रयीवांशुम-
द्धाम्नीवेन्दुगभस्तयः सलिलधौ तुङ्गास्तरङ्गा इव ।
यस्मिन्विश्वमुदेति यत्र रमते यत्रैति चाऽस्तं पुन-
स्तस्मै सान्द्रपयोदनीलमहसे कस्मैचिदस्मैनमः ।

स्वयम्

कर्मज्ञानथी भक्तिको उत्कर्ष ।

જીવમાત્રને દુઃખની હાની અને આનંદની પ્રાપ્તિ અભિમત હોય છે । અને તેની પ્રાપ્તિના માટેજ તે ઐહલૌકિક અને પારલૌકિક સાધનોનો આશ્રય લઇને યત્ન કરે છે । જેમ દુઃખની આત્યંતિક હાનિ અપેક્ષિત છે । તેમજ સુખની પણ અખંડિત નિત્યપ્રાપ્તિ અપેક્ષિત છે । તે દુઃખ નિવૃત્તિપૂર્વક આનંદ પ્રાપ્તિનુંજ નામ ચતુર્થ પુરૂષાર્થ, અથવા નિશ્રેયસ છે. તેવા નિશ્રેયસની પ્રાપ્તિના ત્રણ ઉપાય શ્રીમદ્‌ભાગવતમાં કહ્યા છે । 'કર્મ[1] જ્ઞાન, ને ભક્તી. આ ત્રણ ઉપાયોના શિવાય ચતુર્થ ઉપાય નિશ્રેયસ પ્રાપ્તિના માટે નથી । તેમાં કેવળ કર્મથી દુઃખનો નાશ થઈ શકતો નથી, અથવા તો મોક્ષ થઈ શકતો નથી । કારણ કે તેમાં પુણ્ય અથવા તો પાપ બાકી રહી જ જાય છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે 'કર્મથી[2] સુખદુઃખના હેતુ કર્મનો એકદમ નાશ થઈ શકતો નથી ।' જ્ઞાનથી પણ મોક્ષ હોવો કઠીન છે, કારણ કે જ્ઞાનનાં સાધન જીવથી થવાં મુશ્કેલ છે અથવા અસંભવ જેવાં છે । અને બીજું શ્રીમદ્‌ભાગવતમાં જ્ઞાનીને માટે દૃષ્ટાંત આપ્યું છે કે જેવી[3] રીતે અગ્ની વેણુસમૂહને ભસ્મ કરે છે, તેમ જ્ઞાન પણ કર્મનો નાશ કરે છે । અત્રે વેણુસમૂહ અને અગ્નીનું દૃષ્ટાંત આપીને એમ

---

१ ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कर्हिचित् । २ कर्मणा कर्मनिर्हारो नह्यात्यन्तिक इष्यते । ३ वेणुगुल्ममिवानलः ।

સૂચવે છે કે જેમ અગ્નીથી વેણુસમૂહના દાહ થતાં આખર ભસ્મ તો શેષ રહીજ જાય છે, તેમ જ્ઞાનથી પણ કર્મોનો નાશ થતાં થતાં થોડાંક કર્મોનો શેષ રહેવાની સંભાવના છે । તેથી જ્ઞાન પણ ઐકાન્તિક સાધન નથી । માટે ભક્તિના શિવાય નિશ્રેયસ કરાવનાર સાધન અન્ય નથી । તેથીજ ગીતામાં શ્રીહરીયે કહ્યું છે કે, હે [1]અર્જુન! વેદાધ્યયન તપસ્યા દાન અને યજ્ઞાદિ કર્મોથી મારૂં દર્શન કોઈ કરી શકતું નથી, જેવી રીતે તું કરી ચુક્યો છે, પણ અનન્ય ભક્તિવડે તો મને જાણી શકે છે, તત્વથી મારૂં દર્શન કરી શકે છે, અને મારામાં પ્રવેશ પણ કરી શકે છે । તેથી ભક્તિ સર્વોત્તમ છે એમ શાસ્ત્રોનો સિદ્ધાંત છે.

संप्रदायनो अर्थ.

ભક્તિસંપ્રદાય અનાદિકાળથી પ્રચલિત છે । જે ભક્તિમાં પરંપરાથી પ્રાપ્ત શ્રીહરિના મંત્રાદિનું ઉત્તમ દાન હોય તેને ભક્તિસંપ્રદાય કહે છે । આ ભક્તિસંપ્રદાયના ચાર ભેદ, પ્રકૃતિયોનું વૈચિત્ર્ય હોવાથી અનાદિકાળથી ચાલ્યા આવે છે.

पुष्टिस्वरूप.

શ્રીમદ્‌ભાગવતના દ્વિતીયસ્કન્ધમાં કહ્યું છે કે [2]શ્રીહરીનો જે અનુગ્રહ તેને પુષ્ટિ કહે છે । પુષ્ટિથી પ્રાપ્ત જે સંપ્રદાય તેને પુષ્ટિમાર્ગ વા પુષ્ટિસંપ્રદાય કહે છે । પુષ્ટિસંપ્રદાયમાં સાધન અને ફળ બંને શ્રીહરીનો અનુગ્રહ છે । અને તેથીજ તેને પુષ્ટિમાર્ગ કહેવામાં આવ્યો છે । પુષ્ટિમાર્ગમાં અહંતા મમતારૂપ સંસારથી મુક્ત થવું, ભગવન્મહાત્મ્યનું જ્ઞાન, તથા ભગવાનનો સાક્ષાત્કાર, અથવા શ્રીહરિની ભક્તિ થવી, તથા ભગવલ્લીલામાં પ્રવેશ, તે સર્વે ભગવાનના અનુગ્રહના શિવાય થતું નથી, તે અનુગ્રહ અથવા પુષ્ટિથી થવાવાળી જે ભક્તિ તેને પુષ્ટિભક્તિ અથવા પુષ્ટિ કહે છે । તે પુષ્ટિભક્તિ અથવા પુષ્ટી ચાર પ્રકારની છે । તે શ્રી આચાર્યચરણોએ એમ વર્ણવેલી છે.

---

१ नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा । भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन । ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप । २ पोषणं तदनुग्रहः' ।

આ નીચેના શ્લોકમાં ભક્તોના નિરૂપણ દ્વારા ચારે ભક્તિઓનું સ્વરૂપ કહ્યું છે.

જેમાં[1] પ્રથમ શ્રીહરિ તથા તેમના પરિકરનું યથાર્થ જ્ઞાન, થઈને સર્વથી અધિક અને દૃઢ શ્રીકૃષ્ણમાં સ્નેહ થાય અને શ્રીહરિના સિવાય બીજા ફળની આકાંક્ષા હોય નહીં તેને પુષ્ટિપુષ્ટિભક્તિ કહે છે । અને તે ભક્તિ જેમાં હોય તેને પુષ્ટિપુષ્ટિભક્ત કહે છે । અને જેમાં કર્મમાંજ વિશેષ રુચિ હોય પણ પુષ્ટિ હોવાથી ભગવાનનાં ઉપયોગિ કર્મ કરાવાય તેને પ્રવાહપુષ્ટિભક્તિ કહે છે । અને તે પ્રવાહપુષ્ટિભક્તિ જેમાં હોય તેને પ્રવાહપુષ્ટિભક્ત કહે છે । જેમાં વિષયમાં વૈરાગ્યભાવના રાખીને ભક્તિ કરવામાં આવે તે મર્યાદા પુષ્ટિભક્તિ કહેવાય છે । અને તે જેમાં હોય તેને મર્યાદાપુષ્ટિભક્ત કહે છે । અને જેમાં પ્રેમથી પરિચર્યા તથા શ્રવણ કીર્તન કરવામાં આવે તેને શુદ્ધ પુષ્ટિભક્તિ કહેવામાં આવે છે, અને શુદ્ધપુષ્ટિભક્તિ ભગવત્પ્રાપ્ય હોવાથી અત્યન્ત દુર્લભ છે. શ્રીવ્રજભક્તોના શિવાય શુદ્ધ પુષ્ટિભક્તોનું ઉદાહરણ અન્ય નથી.

भक्ति वा सेवा.

આથર્વણ શ્રુતિમાં ભક્તિનું લક્ષણ કહ્યું છે, કે [2]આ લોક અને પરલોકના મોક્ષસુધીનાં ફલોની આકાંક્ષા નહી રાખીને જે શ્રીહરિમાં મનનું એકતાન થવું તે ભક્તિ । શ્રીમદ્ભાગવતના તૃતીયસ્કન્ધમાં કહ્યું છે કે જેમ [3]શ્રીગંગાનો પ્રવાહ સર્વ વિઘ્નોને હઠાવીને દરેક ક્ષણ સરખી રીતે સમુદ્રમાં મલે છે, તેમ લૌકિકાલૌકિક પ્રતિબંધોને દૂર કરી પ્રેમથી શ્રીહરીમાં મનનું નિરન્તર લાગવું તેને શુદ્ધ પુષ્ટિભક્તિ કહે છે । તેજ ભક્તિને ફળરૂપા, પરા, અથવા માનસી સેવા કહે છે । તે માનસીસેવા પ્રાપ્ત થાય તેને માટે તનુજાસેવા અને વિત્તજાસેવા બંને સાધન છે । તે શ્રી આચાર્યજીએ સિદ્ધાંતમુક્તાવલીમાં કહ્યું છે કે, [4]શ્રીહરિમાં પરોવાયેલું જે ચિત્ત તેને સેવા કહે છે । તેની સિદ્ધિને માટે તનુજા વિત્તજા સેવા છે । શ્રવણ, કીર્તન, તથા શરીરથી પ્રભુની પરિચર્યા કરવી તેને

---

१ पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः। मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णातिदुर्लभाः। २ भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येनामुष्मिन्मनःकल्पनम्। ३ मनोगतिरविच्छिन्ना यथागङ्गाम्भसोऽम्बुधौ। ४ चेतस्तत्प्रवणं सेवा तत्सिध्यै तनुवित्तजा।

તનુજાસેવા કહે છે । અને દ્રવ્યથી પ્રભુનાં વસ્ત્ર આભૂષણ ઉત્સવાદીનું મંડાણ કરવું તે વિત્તજાસેવા કહેવાય છે. શ્રીમદ્દ્ભાગવતના શ્લોકોમાં કહ્યું છે. '[1]वाणीने श्रीहरिना गुणकथनमां लगाडे' ઇત્યાદિ શ્લોકો તનુજા વિત્તજા સેવામાં પ્રમાણ છે । આવી રીતે તનુજા વિત્તવિત્તજા સેવાનો નિરન્તર અભ્યાસ રહેવાથી બીજરૂપ ભાવનો ઉદ્દ્બોધ થાય છે । તે ભાવથી પ્રભુમાં પ્રેમ થાય છે । અને તેના પછી આસક્તિ અને વ્યસન એ બંને ક્રમથી થાય છે । પ્રભુમાં વ્યસન થવાથી જીવ કૃતાર્થ થઈ જાય છે, વ્યસનપર્યન્તજ સાધન કરી શકાય છે, પણ તેથી આગળ જે સર્વાત્મભાવ થાય છે તે તો સાધનોથી પ્રાપ્ય નથી । કિન્તુ પ્રભુપ્રાપ્ય છે । માનસીસેવા અથવા વ્યસનનું મુખ્ય ફળ પ્રભુપ્રાપ્તિ છે, પણ માહાત્મ્ય-જ્ઞાન અને અહંતામમતાની નિવૃત્તિ આ બે ફળ સ્વતઃ પ્રાપ્ત થાય છે.

તેથી એમ સિદ્ધ થયું કે, જેને શ્રીહરિની પ્રાપ્તિ કરવી હોય અથવા તેને પ્રસન્ન કરવા હોય તો તે પ્રભુસેવા, (ભક્તિ) કરે । ભક્તિના સિવાય ભગવત્પ્રાપ્તિનો બીજો ઉપાય નથી । તે[2] વાત શતશઃ પ્રમાણોથી ગીતાજી તથા શ્રીમદ્દ્ભાગવતમાં કહેલી છે.

आत्मनिवेदन.

તે સેવાનો અધિકાર પ્રાપ્ત થાય તેના માટે સદ્દ્ગુરુદ્વારા શ્રીહરીને શરણે જઇને આત્મનિવેદન કરવું જોઇએ । જેવી રીતે યજ્ઞાદિક કર્મો અને વેદાધ્યયનનો અધિકાર, ઉપનયનથી પ્રાપ્ત થાય છે, તેમ ભગ-વત્સેવાનો અધિકાર આત્મનિવેદન કરવાથી થાય છે । તે વાત શ્રીમ-દ્દ્ભાગવતમાં કહી છે. હે[3] ઉદ્ધવ! જેઓએ પ્રભુને આત્મનિવેદન કર્યું છે તેઓની, આવી રીતના ભગવદ્ધર્મોનું આચરણ કરવાથી માહારામાં ભક્તિ થાય છે । મુણ્ડકોપનિષદ્દમાં કહ્યું છે, કે[4] જેને બ્રહ્મનું એટલે ભગવાન તથા ભગવત્સંબંધી સર્વ બાબતોનું જ્ઞાન કરવું હોય તે સમિધ હાથમાં લઇને ભગવચ્છાસ્ત્રોને જાણનાર ભગવન્નિષ્ઠાવાળા ગુરૂને શરણે અવશ્ય જાય ।

---

१ 'वाणी गुणानुकथने' 'यद्यदिष्टतममित्यादि' । २ भक्त्याहमेकया ग्राह्यः, प्रीयतेऽमलया भक्त्या । ३ एवंधर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनां । मयि संजायते भक्तिः । ४ तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।

દુનિયાના કોઈ પણ મતનો આશ્રય લીધા સિવાય પણ જ્યારે અમે વિચાર કરીએ છીએ, ત્યારે એટલું તો અવશ્ય માનવુંજ પડે છે કે આ સમગ્ર જડ ચેતનાત્મક જગત્‌ને પોતાની ઇચ્છા પ્રમાણે પ્રેરણા કરનાર કોઈ જુદીજ સમર્થ સત્તા વિદ્યમાન છે. જે સમર્થ સત્તાનો અમે પૂર્વમાં નિર્દેશ કરી આવ્યા છીએ અને જે સમગ્ર જડ ચેતન જગત્‌માં વ્યાપ્ત છે તથા જેના વશમાં સમગ્ર વિશ્વ છે, તેજ સત્તા જગત્‌માં "ઈશ્વર" આ નામે ઓળખાય છે. નાસ્તિકમાં નાસ્તિક તથા માત્ર ઉદ્યોગનાજ ઉપર આધાર રાખનારના પણ મુખથી, અચાનક આ સત્તાનું હોવું, સ્વિકાર કરવામાં આવી જાય છે. માત્ર પ્રકૃતિઓમાં વૈચિત્ર્ય હોવાથી એટલો ફરક અવશ્ય પડે છે કે નાસ્તિક લોકો પોતાના આત્માનેજ ઈશ્વર માને છે. કેટલાક દૈવને પરમાત્મા માને છે. મીમાંસકો કર્મનેજ તે જગ્યાએ મૂકે છે અને બીજા સ્વભાવનેજ ઈશ્વરની ગાદીએ બેસાડે છે. પણ "ઈશ્વર" છે, આ વાત ઉપર કોઇને પણ સન્દેહ નથી. અને તે ઈશ્વર **कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थ** છે. આ વાતને શ્રીમદ્‌ભાગવદ્ તથા ગીતામાં આવી રીતે કહી છે કેઃ—

केचिद्विकल्पवसना आहुरात्मानमात्मनः ।
दैवमन्ये परे कर्म स्वभावमपरे प्रभुम् ॥ भा. प्रथ.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ गीता.

જેમ ઈશ્વરને એક મોઢે બધા મતવાલા કબૂલ કરે છે; તેમ બધાઓને એમ પણ કબૂલ કરવું પડે છે કે દેહ માત્ર નહીં કિન્તુ દેહથી જુદો એક આત્મા પણ છે, જેના આધારે આ સ્થૂલ દેહ ટકી રહ્યો છે. તેને આપણે "જીવ" કહીએ છીએ. ત્રીજો પદાર્થ "જડ" છે. તેમાં પંચ મહાભૂત દેહ આદિ સર્વ આવી જાય છે. આ ત્રણે પદાર્થોમાં પરસ્પર કયો સંબંધ છે એનો વિચાર કરીએ તો "**पादोऽस्य विश्वा भूतानि** "**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः** ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિયોના દ્વારા એમ જણાય છે કે જડ, અને જીવ બન્ને ઈશ્વરના અંશ છે. એમ જગત્‌માં જડ, જીવ અને ઈશ્વર ત્રણ પદાર્થ છે. જડ ભોગ્ય છે, જીવ ભોક્તા છે અને ઈશ્વર બન્નેનો શાસ્તા છે. શાસ્તા

છતાં પણ તે બન્નેનો ભોક્તા પણ છે, હવે અંશ હોવાથી આ વાત સ્વયં સિદ્ધ થાય છે કે પોતાના અંશી પોતાના, પિતા **किंबहुना** પોતાના સર્વસ્વ પરમાત્માને અધીન રહીને પરિચર્યા કરવી, એજ જીવ માત્રનો ધર્મ છે. અંશનો સ્વરૂપ સમર્પક અંશી હોય છે, માટે તે ઈશ્વર જીવનું સર્વસ્વ છે એમ સમજવું. પોતાના સર્વસ્વનાં તરફ મનની વલણ ફેરવવી એ દરેક માનવ જાતની ફરજ હોય છે. કોઈ જાતની કામના રાખ્યા સિવાય ક્રમથી મનને ઈશ્વરમાં લગાડતાં લગાડતાં તન્મય કરી દેવું તેનું નામ સેવા અથવા ભક્તિ છે. શ્રુતિમાં કહ્યું છે કે **भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येनाऽमुष्मिन्मनःकल्पनम्** પવન જેમ કોઇની મુષ્ટિમાં રહેતો નથી, તેમ મન પણ સહજ કોઇના વશમા થાય તેવું નથી. માટે તેને પ્રભુમાં લગાડવા માટે ઘણા પ્રયત્નો આપણાં ધર્મ શાસ્ત્રોમાં કહ્યાં છે. હઠયોગાદિ અત્યંત ક્રૂર હોવાથી જીવ માત્રથી થઈ શકે એવા નથી. જ્ઞાન માર્ગ પણ કઠિનતમ છે માટે તેથી પણ મન વશ થાય તેવું નથી. તેથી આ સમયમાં જેમાં જીવને વૈરાગ્ય થવું અસંભવ જેવું છે, તેમાં જ્ઞાનથી સિદ્ધિ મેળવવી અસંભવ જેવી છે; માટે મનને પ્રભુમાં લગાડવાનો પણ ભક્તિ એ એકજ ઉપાય છે. આ ભક્તિનું નામ સાધન ભક્તિ છે. અથવા તો તેને **अपरा वा तनुजा वित्तजा सेवा** કહે છે. આમ **अपरा अने परा** એ બે ભેદથી ભક્તિ બે પ્રકારની છે. કોઈ જાતના હેતુ વિના અથવા તો પ્રયોજન વિના મનનું પ્રભુ પ્રેમમાં તન્મય થઈ જવું, તે ભક્તિ ઉત્તમોત્તમ છે; માટે પરા કહેવાય છે. તેથીજ તે ફલરૂપ છે. અને તેવી ભક્તિ પ્રાપ્ત થવા માટે જે જીવ **कृति** સાધ્ય શ્રવણાદિ નવધા ભક્તિ કરવામાં આવે છે, તેને અપરા અથવા સાધન ભક્તિ કહે છે.

સ્વરૂપને ભૂલી જવું, એ અવિદ્યા જીવને સહસ્રાવધિ કાલથી લાગી છે, માટેજ તે “ હું પ્રભુનો અંશ છું ” આ વાતને ભૂલીને અન્ય પદાર્થોમાં આસક્ત થાય છે. તેમાં દેહ અને દેહ સબંધી પદાર્થોમાં જીવની વિશેષ આસક્તિ છે. તેનો સંબંધ અનાદિકાળથી હોવાથી દૃઢ થઈ ચુક્યો છે. તેની છાપ એવી તો દઢ દઇને મનના ઉપર બેસી છે કે તેને રદ કરતાં ઘણો કાળ જોઇએ. હઠયોગ અને જ્ઞાનના નવ સાધન જે કે અતિ કઠણ છે તેના દ્વારા મનને તેની વિરૂદ્ધ અને શૂન્ય રસ્તે

લઈ જવા કરતાં સહેલ રસ્તે ફેરવી દેવું ઉત્તમ છે. સહેલ રસ્તો એ ભક્તિ છે. માટેજ શ્રીમદ્ ભાગવત તથા ગીતામાં કહ્યું છે કેઃ— **धावन्निमीलय वा नेत्रे न पतेन्न स्खलेदिह" स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्**। ઈશ્વરે પોતાની રમત સિદ્ધ થવા માટે આ જગત્ બનાવેલ છે. જડ અને જીવ બન્ને ક્રીડાના ઉપકરણ છે. પણ બધા ભગવાનના બનાવેલાં છે, માટે ભગવાનના છે. **क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्युः** જીવ સ્વયં પણ ભગવત્ ક્રીડાનું સાધન છે; છતાં અનાદિ કાલથી લાગેલી અવિદ્યાના પરવશ થઇને સ્વરૂપને ભૂલી જાય છે અને ભગવદીય પદાર્થો "મ્હારા" છે, એમ અને પોતાના દેહનેજ સ્વરૂપ માનીને બેસે છે. એજ અવિદ્યાનું કાર્ય છે. આ એક જાતનો જીવમાં સહજ દોષ છે. સ્વરૂપ વિસ્મૃતિ રુપ મૂળ અવિદ્યાના સંબંધથી જીવમાં અને એના દેહમાં ઘણા દોષો આવી જાય છે. દેહને પોતાનું સ્વરૂપ માનવું ભગવદંશ નહિ સમજવું. (અહંભાવ) અને ભગવત્પદાર્થોમાં મમતા કરવું, માટે પ્રાણોના રહેવા તથા જવાથી પોતાનું જીવન મરણ સમજવું ઇત્યાદિ દોષ જીવપણાની સાથે ઉત્પન્ન થાય છે, માટે તે જીવના સહજ દોષ કહેવાય છે. નિકૃષ્ટ દેશ અને કાલમાં ઉત્પત્તિ થવી, સંયોગથી ઉત્પન્ન થતા અને સ્પર્શથી થતા ૪ દોષો દેહાદિ જડ પદાર્થોના છે. જીવમાં એકજ દોષ છે. જડ પદાર્થોમાં ૪ પ્રકારના દોષ રહે છે. જીવ જેવી રીતે ભગવત્ સેવાના ઉપયોગમાં આવે છે, તેમ દેહાદિ જડ પદાર્થો પણ ભગવત્ સેવાના ઉપયોગમાં આવવાની વસ્તુ છે. બ્રહ્મ (ઈશ્વર) નિર્દોષ છે**निर्दोषं हि समं ब्रह्म**" માટે સદોષથી ભગવત્સેવા થાય નહિ, તેથીજ જીવ અને તેના સંબંધીઓનો ભગવત્ સેવા કરવાનો અધિકાર રહેતો નથી. અધિકાર પ્રાપ્ત કરવા માટે જીવના દોષોનું નિવર્તન કરવું જોઇએ. અનાદિ કાળથી જે અહંતા મમતા આદિ દોષો જીવોના સાથે લાગેલા છે તેને તેઓ સહેજમાં છોડી દે એવા તે પોચા નથી, માટે તેને યુક્તિથી અન્ય મુખ કરીને છોડાવી શકાય છે. મોટી નદીનો પુર ગામ ઉપર આવવાનો હોય અને તેને એકદમ આડો રોકવા જાઓ, તો તે તમારી ભૂલ છે. તેમ કરવાથી તે રોકી શકાતો નથી, પણ ઉલટું વધારે નુકશાન કરી શકે છે. પણ તેને આડો બંધ બાંધીને

અન્યત્ર લઈ શકાય છે અને તેમ કરવામાં કંઈ નુકસાન થતું નથી. તેમજ જીવની અહંતા મમતાને એકદમ છોડાવવી સંભવ નથી, પણ તેને પ્રભુના તરફ વાળી શકાય છે. જે અહંતા મમતાનો સંબંધ દેહ અને દેહ સંબંધી સ્ત્રી પુત્રાદિ અથવા તો જડ પદાર્થોના સાથે હતો, તેને એક દિવસથી શ્રીહરિ સર્વોત્તમ પરાત્પર પ્રભુના સાથે જોડી દેવું. બસ તેનુંજ નામ બ્રહ્મ સંબંધ કહેવાય છે. જે દિવસથી (સહ-અાદિ કાલથી) જીવનો બ્રહ્મના સાથેનો સંબંધ ભૂલાયો છે, તેજ દિવસથી એને દોષો લાગેલાં છે અને જે દિવસથી બ્રહ્મ સંબંધ લીધો એટલે અનાદિ કાલથી જેમને પ્રભુનો વિસ્મરણ અને દેહગેહાદિનો અધ્યાસ થયો છે તેને હું આજથી પ્રભુના સાથે જોડું છું અર્થાત્ હું પરમાત્માનો દાસ છું અને આ બધા દેહ સંબંધી પદાર્થો પણ પ્રભુના છે એમ જે આત્મા અને આત્મીય પદાર્થોનો પરમાત્માને સંબંધ કરાવવો, તે બ્રહ્મ સંબંધ કહેવાય છે.

જેની હરિમા તુલ્ય ગુરૂમાં પણ ભક્તિ ન હોય તેને જ્ઞાન થતું નથી, અને તેના ઉપર શ્રીહરિ પણ પ્રસન્ન થતા નથી, તેજ વાત શ્વેતાશ્વતરોપનિષદ્‌માં કહી છે, [1]જે જીવની શ્રીહરિમાં પરમ ભક્તિ છે, અને જેમ હરિમાં તેમજ શ્રીગુરૂદેવમાં પણ પરમભક્તિ છે તેને આ પૂર્વમાં કહેલું જ્ઞાન પ્રકાશે છે । શ્રીમદ્‌ભગવદ્ગીતામાં કહ્યું છે, તથા શ્રીમદ્‌ભાગવતમાં પણ કહ્યું છે કે ગુરૂ[2] છે દેવ અને પ્રિય જેને એવો સમજદાર માણસ અનન્યભક્તિથી એક શ્રીહરીનેજ ભજે । આ વચનથી એમ કહે છે કે જેને હરિભક્તિ કરવી હોય તે ગુરૂને દેવની પેઠે પ્રિય અને પૂજ્ય સમજે । બીજા અનેક શ્રુતિ સ્મૃતિનાં વચનોથી માલુમ પડે છે કે ગુરૂના દ્વારા આત્મનિવેદન કરે । ગુરૂ પણ વૈષ્ણવ હોવો જોઇએ । તે વાત પૂર્વોક્ત શ્રુતિમાં સ્પષ્ટ કહી છે. અને અન્યત્ર પણ કહ્યું છે.

કે[3] ભલે ગુરૂ ઉચ્ચ કુળનો હોય અથવા વેદવેદાંતમાં પાર પામેલો

---

१ यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ। तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः। २ उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः, अतो बुध आभजेत्तं भक्त्यैकयेशं गुरुदेवतात्मा। ३ महाकुले प्रसूतोऽपि सर्वशास्त्रेषु दीक्षितः। सहस्रशाखाध्यायी च न गुरुः स्याद्वैष्णवः।

હોય છતાં પોતે વૈષ્ણવ ન હોય તો તે ગુરૂ થઈ શકતો નથી । આવી રીતે આત્મનિવેદન કરનારને પ્રથમ ગુરૂના શરણે જઇને પ્રાર્થના કરવી જોઇએ । અને ગુરૂના પાસેથી શરણ મંત્રને લઇને પોતાનો આત્મનિવેદન લેવાનો અધિકાર સિદ્ધ કરવો જોઇએ । શરણમન્ત્ર આત્મનિવેદનનો અધિકાર પ્રાપ્ત કરાવનાર છે । આત્માનું અને આત્મસંબંધી પદાર્થોનું સમર્પણ કરવાનું વેદમાં કહ્યું છે જેમ કે [1]જેમ રથના પહિયાના વચમાં અને ઉપર તરફ આરા સમર્પેલા છે તેમ શ્રીહરિના ચરણોમાં સર્વ પ્રાણ સર્વ લોક સર્વે દેવાદિ સર્વ પદાર્થ માત્ર સમર્પેલા છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે.

[1]યજ્ઞ, દાન, તપ જપ, આચાર, પોતાને જે પ્રિય હોય તે સ્ત્રી પુત્ર, ગૃહ, દેહ, પ્રાણ, આદિને પરમાત્માને અર્પણ કરે । શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે. હે[2] કૌન્તેય! જે તું કરે છે, જે ભોગવે છે, જે હવન કરે છે, જે દાન કરે છે અને જે તપ કરે છે તે બધું મને અર્પણ કર, શરણાગતીના વિરોધી બધા ધર્મોને છોડીને તું એક મારે શરણે જા । શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે, હે[3] પાર્થ! નીચ દેહમાં પતિત સ્ત્રી વૈશ્ય અથવા શૂદ્રો પણ મારે એકને શરણે આવીને રહે છે, તે પરમગતીને પામે છે । શ્રી આચાર્યચરણ પણ સિદ્ધાંતરહસ્યમાં કહે છે કે [4]આત્મા તથા આત્મસંબન્ધી પદાર્થોનો બ્રહ્મના સાથે નિવેદનરૂપ સંબંધ કરાવવાથી સર્વ જીવોના દેહ અને દેહસંબન્ધી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે । માટે તેથી[5] સર્વ કાર્યોમાં સૌથી પહેલાં

---

१ तद्यथा रथनाभौ रथनेमौ चाराः समर्पिता एवमेवाऽस्मिन्नात्मनि सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि सर्व एवात्मानः समर्पिताः । २ इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् । दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्मै निवेदनं । ३ यत्करोषि यदश्नासि यज्जुहोषि यदासि यत् । यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् । सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । ४ मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् । ५ ब्रह्मसंबन्धकरणात्सर्वेषां देहजीवयोः । सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः । ६ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥

સર્વ વસ્તુનું પ્રભુને અર્પણ કરવું જોઇએ । આવી રીતે જ્યારે શરણ-મન્ત્ર ગ્રહણ અને આત્મનિવેદન લીધા પછી વૈષ્ણવત્વ એટલે સેવાનો અધિકાર પ્રાપ્ત થાય ત્યારે પૂર્વોક્ત રીતીથી સેવાનો પ્રારંભ કરે । જ્યાં-સુધી આત્મનિવેદન ન કર્યું હોય ત્યાંસુધી વૈષ્ણવ ન કહેવાય અને ત્યાંસુધી સેવાનો અધીકાર પણ થતો નથી.

सेव्यस्वरूप.

વૈષ્ણવોને શ્રીકૃષ્ણ પરબ્રહ્મ સેવ્ય છે કારણ કે તે સર્વોત્કૃષ્ટ પરાત્પર છે । બ્રહ્મા વિષ્ણુ મહેશ આ ત્રણે ભગવાનના ગુણાવતાર છે અક્ષરબ્રહ્મ પણ શ્રીકૃષ્ણનો અંશ છે । વેદમાં અક્ષરને શ્રીહરિની ત્રિપાદ્વિભૂતિ કહેલ છે । અને દેવતાઓને તેના અવયવો કહેલ છે । માટે સર્વોત્તમ એક શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે. ઉપનિષદ્‌માં કહ્યું છે કે કૃષ્[1]નો અર્થ સત્તા છે ણકારનો અર્થ આનંદ છે એ બન્નેના એક થવાથી સચ્ચિદાનન્દ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ થાય છે । શ્રીગીતાજીમાં કહ્યું છે સર્વે[2] ભૂતોને ક્ષરશબ્દથી કહે છે અને કૂટસ્થને અક્ષર કહે છે, ઉત્તમ પુરૂષ તો અન્ય છે જેને પરમાત્મા કહે છે । બીજું પણ ત્યાં કહ્યું છે કે હું[3] ક્ષર અને અક્ષરથી જુદો છું તેથી મને પુરૂષોત્તમ કહે છે । શ્રીભાગવતમાં કહ્યું છે, કે શ્રીકૃષ્ણ[4] તો સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ છે.

તે શ્રીકૃષ્ણ દ્વિભુજ ચતુર્ભુજ આદિ અનેક રૂપથી અનેક સ્થલોમાં વીરાજે છે । શ્રીવૈકુંઠમાં ચતુર્ભુજ સ્વરૂપ છે, અને ગોકુલમાં દ્વિભુજ સ્વરૂપ છે । તે [5]બ્રહ્મવૈવર્તપુરાણમાં કહ્યું છે । વ્રજમાં પ્રગટીને શ્રી-પ્રભુએ અનેક લીલા કરી છે । તેમાં હાલમાં શ્રીનાથદ્વારામાં વીરાજતા શ્રીનાથજીનું સ્વરૂપ ગોવર્દ્ધનધરણલીલાનું છે । ગોવર્દ્ધનલીલા શ્રીમદ્-

---

१ कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः। तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते। २ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः। ३ अतोस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः।४ कृष्णस्तु भगवान्स्वयम्॥ ५ परिपूर्णतमः कृष्णो वैकुण्ठे गोकुले स्वयम्। चतुर्भुजश्च वैकुण्ठे गोकुले द्विभुजः स्वयम्॥

ભાગવતના દશમસ્કન્ધમાં વર્ણવેલી છે તે આસ્તિકમાત્રને સ્પષ્ટ વિદિત છે । તે લીલાના વિષયમાં [1]વેદના ભાગવતમાં મંત્ર કહેલું છે.

નારદપંચરાત્રના ૪થા રાત્રમાં ૮ અધ્યાયમાં શ્રીગોવર્દ્ધનધરના માટે કહ્યું છે. કે[2] પર્વતમાં નિવાસ કરનારા અને ગોવર્દ્ધનના સ્વામી સર્વના અજ્ઞાનને હણનારા તથા ઇંદ્રાનુજ હોવાથી માતલી છે સારથી જેનો એવા, અને સર્વદા દ્વિભુજ કવચિત છે ભૂજાવાલા અને અનંતભુજાયુક્ત, શેષરૂપ પણ શેષના સ્વામી । અને સર્વના અંગી, તથા શેષનું ચિન્હ છે અંગમાં જેને એવા, ગોવર્દ્ધન પર્વત ઉપર વિહાર કરનારા શ્રીગોવર્દ્ધનધર છે । શ્રી[2]મદ્ભાગવતમાં દ્વિતીય તૃતીય દશમસ્કન્ધાદિના વચનોથી શ્રીગોવર્દ્ધનધરણ લીલાનું વર્ણન કરેલ છે.

[3]ગોપાળતાપિની ઉપનિષદ્ પૂર્વખણ્ડમાં પણ શ્રીગોવર્દ્ધનધરના સ્વરૂપનું વર્ણન સ્પષ્ટ છે । પુષ્ટિમાર્ગમાં જેટલી ભગવન્મૂર્તિઓ છે તે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. તે વાત શ્રીમદ્વલ્લભાચાર્યચરણશ્રીયે નિબં-

---

१ तमस्यराजावरुणस्तमश्विना क्रतुं सचंतमारुतस्यवेधसः दाधारदक्षमुत्तममहर्विदंव्रजंचविष्णुः सखिवाँ अपोर्णुते—

भाष्यम्—तं अस्य कृष्णास्यक्रतुगिरीजं वरुणो राजा तथाअश्विनौदेवौ तं कृतं संचत अनुकृतवतः। मारुतस्य जगतांप्राणस्यवेधसः विस्रष्टुः । इन्द्रादन्येषांदेवानां सुक्रतुः सुखकरोऽभूदित्यर्थः । यत्रनिमित्तंदृढंअहर्विदंकृतोलब्धारं पर्वतमुत्तमं दाधार विष्णुहस्तेनेतिशेषः ॥

व्रजंतेनैव, अहर्विदा शैलेन अपोर्णुते आच्छादयति । यतः। सखीवान् मित्राणां त्राणार्थमित्यर्थः ॥

२ पर्वताधिनिवासी च गोवर्द्धनधरोगुरुः, गोवर्द्धनपतिः शान्तो गोवर्द्धनविहारकः। द्विभुजः षड्भुजोऽनन्तभुजो मातलिसारथिः। शेषाधिनाथो नाथश्च, शेषी शेषान्तविग्रहः । २ गोपैर्मखे० । अयाजयद्गोसवेन° । तस्मान्मच्छरणं गोष्ठं० । यः सप्तहायनः० । ३ सत्पुण्डरीकनयनं मेघाभं वैद्युताम्बरम्, द्विभुजं मौनमुद्राढ्यं वनमालिनमीश्वरम् ।

ધમાં વર્ણવેલી છે. ભક્તિ[1]માર્ગમાં મૂર્તિમાં સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ વિરાજમાન છે માટે તે મૂર્તિ સાક્ષાત્ સ્વરૂપાત્મક છે । મન્ત્રાધીન નહી હોવાથી કિન્તુ કેવલ ભક્તિના ઉત્કટ ભાવવડે પ્રાદુર્ભૂત હોવાથી પુષ્ટિમાર્ગમાં આવાહનવિસર્જનનાદિ પારતન્ત્ર્યના કામ કરવામાં આવતાં નથી । અને તેથીજ પ્રતીકોપાસન નહિ કિન્તુ સ્વરૂપસેવા કહેવાય છે । મૂર્તિના શ્રીહસ્તને, સાક્ષાત્ પ્રભુનો શ્રીહસ્ત, ચરણકમળને ચરણકમળ એમ દરેક મૂર્તિનાં અવયવો અને શ્રીહરીના અવયવો માનેલાં છે. કારણ કે ભક્તિમાર્ગમાં બ્રહ્મને વ્યાપક છતાં સાકાર માનેલુંછે. અને તેથીજ મૂર્તિને જે વસ્ત્ર આભૂષણ ધરાવવામાં આવે છે તેસાક્ષાત્પ્રભુને ધરાવવામાં આવે છે ।

वैष्णवोनो धर्म.

પ્રભુની સેવા કરવી તે ભગવદીયોનો ધર્મ છે, શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે[2] મનુષ્યમાત્રનો તેજ પરમધર્મ છે કે જેનાથી શ્રીહરિમાં ભક્તિ થાય । શ્રીઆચાર્યજી પણ આજ્ઞા કરે છે કે [3]હમેશાં સર્વ ભાવનાઓવડે શ્રી યશોદાનન્દન શ્રીગોવર્દ્ધનધરણની સેવા કરવી, હરિજનોનો એજ ધર્મ છે કોઈ વખતે કાંઇપણ બીજો ધર્મ નથી । શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે સંગ કરવો તે દઢ પાશ છે પણ એજ સંગ જો સત્પુરૂષોમાં કર્યો હોય તો, મનુષ્યોને નિસ્સંગ કરી દે છે । તેથી અવૈષ્ણવોના સાથે રહેવું નહી । શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે

---

१ भक्तिमार्गोऽनुसारेणाह—तत्र च स्थितिमिति, मूर्तौ-स्थितं—परं यत्र हस्तस्तत्रहस्तः तत्तदवयेषु तत्तदवयवा इति-तत्रहेतुः साकारं व्यापकं ब्रह्मेति अतः सर्वे कटकाद्युपचारा भगवदवयवेष्वेव साक्षात्कृता भवन्ति ।

२ स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे, ३ सर्वदा सर्व-भावेन भजनीयो व्रजाधिपः—स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ।

કે, [1]જેણે નિવેદનમંત્ર લીધો છે, તેઓના સાથે રહીને જે કોઈ કાર્ય કરવું તે સર્વ પ્રભુને નિવેદન કરીનેજ કરવું, તે પુષ્ટિમાર્ગની નિર્દોષ સ્થિતિ છે । કોઈ વખતે પણ પ્રભુને અનિવેદિત વસ્તુનો ઉપયોગ કરવો નહી, કિન્તુ પ્રથમ શ્રીહરીને અર્પણ કરીનેજ ઉપયોગ કરવો એ વૈષ્ણવોનો ધર્મ છે । એ વાત વેદમાં કહી છે । બધા[2] દેવ પિતૃ અને મનુષ્યો વિષ્ણુની પ્રસાદી ખાય છે, વિષ્ણુનું આઘ્રાત સુંઘે છે, વિષ્ણુની પીતવસ્તુ પીયે છે, અને વિષ્ણુની રસિત વસ્તુ ચાખે છે, તેથી વૈષ્ણવોને પણ એમજ જોઇએ કે વિષ્ણુને અર્પણ કરેલા પદાર્થોનોજ ઉપયોગ કરે । બ્રહ્માંડપુરાણમાં કહ્યું છે કે[3] પત્ર, પુષ્પ, ફલ, જલ, અન્ન, જળની વસ્તુ અથવા ઔષધી જે કોઈ ઉપભોગનાં માટે બનાવેલું હોય તેને પ્રભુને અનિવેદીત, ઉપયોગમાં નહિ લાવવું । તેમ કહ્યું છે, વૈષ્ણવોને એક શ્રીકૃષ્ણના સીવાય બીજા દેવનો કોઈ પણ કાર્યના માટે આશ્રય લેવો યોગ્ય નથી, કિન્તુ એક શ્રીકૃષ્ણજ સેવ્ય છે । અન્યાશ્રય કરવાની વેદાદિક શાસ્ત્રમાં નિન્દા લખી છે । તૈત્તિરીય સંહિતામાં લખ્યું છે કે, [4]જે કોઈ પોતાના સેવ્ય દેવનો ત્યાગ કરી બીજા દેવનું ભજન કરે છે અથવા પોતાના દેવનું ઉલ્લંઘન કરે છે તે મૂર્ખ પરદેવને પહોંચતો નથી, અને વ્યર્થ પાપને ભોગવવાવાળો થાય છે । શ્રીગીતાજીમાં પણ કહ્યું છે કે.

[5]બીજાથી વિગુણ દેખાતો પણ પોતાને ધર્મ શ્રેષ્ઠ છે ।

---

१ निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः । २ सर्वे देवाः सर्वे पितरः सर्वे मनुष्या विष्णुनाऽशितमश्नन्ति विष्णुनाऽऽघ्रातं जिघ्रन्ति विष्णुना पीतं पिबन्ति विष्णुना रसितं रसयन्ति तस्माद्विद्वांसो विष्णवे दत्तं भक्षयेयुः । ३ पत्रं पुष्पं फलं तोयमन्नं पानीयमौषधं–अनिवेद्य न भुञ्जीत यदाहाराय कल्पितम् । ४ यो वै स्वां देवतामतियजते प्रस्वायै देवतायै च्यवते न परां प्राप्नोति' 'पापीयान्भवति ।

५ श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।

શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે, જે[1] પોતાનો ધર્મ નથી તેને છોડીને એક શ્રીહરિના ચરણકમળનીજ સેવા કરવી । લૌકિકા[2] લૌકિક કામનાઓથી રહીત હોય, અથવા સર્વ કામનાવાળો ભક્ત હોય, અથવા મોક્ષની કામના રાખનાર હોય તે બુદ્ધિમાન્ પુરૂષ, તીવ્ર ભક્તિયોગવડે પરબ્રહ્મ શ્રીકૃષ્ણનુંજ સેવન કરે । જે દિવસથી વૈષ્ણવી દીક્ષા એટલે ગુરૂદ્વારા શ્રીહરિનું નિવેદનમન્ત્ર લીધું તે દિવસથી એટલા આચાર પોતાને અવશ્ય કરવાના છે । શ્રીહરિની સેવા, સેવાના સમયથી બાકી વધેલા સમયમાં પોતપોતાના વર્ણાશ્રમોક્ત ધર્મો, દ્વાદશ તિલક ધારણ કરવું તુલસીની કંઠીનું ધારણ તથા સેવાસમયમાં મુદ્રા (છાપા) ધારણ કરવું અને નિવેદનમન્ત્રનો જપ તથા ભગવત્ શાસ્ત્રોનો વિચાર ઇત્યાદિ.

ભગવત્પ્રસાદી કુંકુમ અથવા ચન્દન તેનું તિલક, અને ગોપીચંદનની મુદ્રા તથા તુલસીની કંઠીનું વૈષ્ણવે અવશ્ય ધારણ કરવું જોઇએ । તેના વિષયમાં એ ચાર પ્રમાણ નીચે લખીયે છીયે । જે [3]પુરૂષ પોતાના કલ્યાણને માટે મધ્યમાં અવકાશવાળું અને શ્રીહરિના ચરણની આકૃતિવાળું તિલક ધારણ કરેછે તે, હરિનો પ્રિય, પુણ્યવાન્, અને મુક્તિવાન્, થાય છે । આ ઠેકાણે પાદાકૃતિ શબ્દ દણ્ડાકારનો પણ ઉપલક્ષક છે । મુદ્રાના વિષયમાં પણ બાષ્કલસંહિતામાં કહ્યું છે કે બંને[4] બાહુમૂળમાં શંખચક્રાદિ ધારણ કરે તો શ્રીહરિની સેવા કરે, બીજી રીતે સેવા સફળ થતી નથી । શ્રીઆચાર્યચરણ પણ નિબન્ધમાં આજ્ઞા કરે છે કે 'સેવા [5]સમયમાં શંખચક્રાદિ મુદ્રાઓને ધારણ કરવી, કારણ કે તે સેવાનાં અંગ છે । તુલસીકાષ્ઠની માળા (કંઠી) તથા કુંકુમનું

---

१ त्यक्त्वाऽस्वधर्मं चरणांबुजं हरेर्भजन् । २ अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः-तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् । ३ हरेः पादाकृतिमात्मनोहिताय मध्येच्छिद्रमूर्ध्वपुण्ड्रं धारयति स परस्य प्रियो भवति स पुण्यवान्भवति स मुक्तिमान्भवति । ४ अंकितः शंखचक्राभ्यामुभयोर्बाहुमूलयोः । समर्चयेद्धरिं विष्णुं नान्यथा पूजनं भवेत् । ५ शंखचक्रादिकं धार्यं मृदा पूजाङ्गमेव तत् । तुलसीकाष्ठजा माला तिलकं लिङ्गमेव तत् ।

તિલક એ વૈષ્ણવત્વને જણાવનાર ચિન્હ છે, માટે હમેશાં ધારણ કરવાં જોઇએ । સ્કન્દપુરાણમાં કંઠી નહી ધારણ કરનારાઓની નિન્દા કરેલી છે જે [1]પાપબુદ્ધિઓ હેતુવાદમાં ફસાઈને તુલસીમાલાનું ધારણ નથી કરતા તે મારા ક્રોધાગ્નિથી દગ્ધ થઇને નરકમાંથી છૂટતા નથી. । આવી રીતે સર્વરીત્યા વૈષ્ણવપણાને પ્રાપ્ત થઈને શ્રવણાદિ સાધનસેવાદ્વારા ભગવન્માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને, માનસીસેવાને પ્રાપ્ત કરે । તે માનસીસેવાથી ભગવાન્ પ્રસન્ન થાય છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે. કે[2] સર્વ શોભાઓના આલય શ્રીહરિના પ્રસન્ન થવાથી શું નહી મળી શકે ?

ભગવાનના પ્રસન્ન થવાથી જીવને સેવોપયોગિ દેહ, કામાશન તથા સાયુજ્ય ઇત્યાદિ ફળોની પ્રાપ્તિ દુર્લભ નથી । સમગ્ર વેદવાકયોનો આશય પણ ભગવદ્‌ભક્તિના ઉપર છે । આ વાત શ્રી ભાગવતના દ્વિતીયસ્કન્ધમાં કહી છે, શ્રીભગવાન[3] બ્રહ્માજી પોતાની ઋતંભર-પ્રજ્ઞાથી સમગ્ર વેદને ત્રણ વખત સારી પેઠે જોઈને અને સમાધિમાં સ્થિત રહીને તેજ વાતને નિશ્ચય સમજ્યા કે જેનાથી શ્રીહરિમાં પ્રેમ હોય । માટે જીવમાત્રનું પણ એજ કર્તવ્ય છે કે શ્રીહરીની સેવા કરે ।

श्रीहरिः शरणम् ।

---

१ धारयन्ति न ये मालां हैतुकाः पापबुद्धयः। नरकान्न निवर्तन्ते दग्धाः कोपाग्निना मम । २ किमलभ्यं भगवति प्रसन्ने श्रीकेतने । ३ भगवान्ब्रह्मकार्त्स्न्येन त्रिरन्वीक्ष्य मनीषया–तदध्यवस्यत्कूटस्थो रतिरात्मन्यतो भवेत् ।

Published by Pandit Ramanath Shastri,
Third Bhoiwada, Badamandir, Bhuleshwar, Bombay.

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-sagar
Press, 23, Kolbhat Lane, Bombay.